ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0










મેગા ફાઈનલ - નવરાત્રી નવેય દિવસના વિજેતાઓ વચ્ચે રોમાંચક વાતાવરણમાં મેગા ફાઈનલમાં ખેલૈયાઓએ પોતાની કલા અને કૌશલ્ય રજૂ કર્યું હતું... કલ્ચરલ ફોરમના પટાંગણમાં યોજાયેલ મેગા ફાઈનલમાં ૨૫૨ ખેલૈયાઓએ ગરબાની રંગત જમાવી દીધી હતી... હજ્જારો પ્રેક્ષકોની હાજરીમાં સતત દોઢ કલાક અવનવી સ્ટાઈલમાં ગરબે રમતા ખેલૈયાઓએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્પર્ધા કસોકસ જામી હતી... ખેલૈયાઓ વચ્ચે ખેલદિલીપૂર્વક યોજાયેલ રંગારંગ સ્પર્ધા નવરાત્રીનું એક સંભારણું બની ગયું હતું....

# મનપાએ સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ ઝુંબેશમાં ૨.૫૦ લાખ દંડ વસુલ્યો

**તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૪૫૨ ઈસમોને આ અંગે નોટીસ આપી : દિપાવલીના પર્વો દરમ્યાન આ ઝુંબેશ વધુ સઘન બનાવવા માટે તંત્ર દ્વારા ખાસ રોડમેપ પણ તૈયાર**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકની ઝુંબેશ સઘન બનાવવામાં આવી છે. મનપાએ આ માટે અત્યાર સુધીમાં ૪૫૨ જેટલા ઈસમો સામે આ અંગે દંડનીય કાર્યવાહી કરી છે.

પ્લાસ્ટિકયુઝ અંગેના નિયમો જારી કરી દેવાયા બાદ અને ભારત સરકારે સિંગલ યુઝ પ્લાસ્ટીક સામે પગલાં લેવા માટે આપેલા સંકેતો પછી સપ્ટેમ્બર મહિનાથી આ કામગીરી મનપાએ શરૂ કરી છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાંથી અત્યાર સુધીમાં ૬ હજાર કિલો કરતાં વધુ સિંગલયુઝ પ્લાસ્ટીકનો જથ્થો તંત્રની ટીમો દ્વારા કબ્જે લેવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૪૫૨ ઈસમોને આ અંગે નોટીસ આપી અને રૂ. ૨ લાખ ૫૦ હજારથી વધુનો દંડ પણ વસુલ લેવામાં આવ્યો છે.

દિપાવલીના પર્વો દરમ્યાન આ ઝુંબેશ વધુ સઘન બનાવવા માટે તંત્ર દ્વારા ખાસ રોડમેપ પણ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે. આ સૂત્રોએ જણાવ્યું છે કે થેલીનો ઉપયોગ વધે તે દિશામાં પણ જન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આ અભિયાન અંતર્ગત આગામી દિવસોમાં દરેક સેક્ટરમાં ખાસ ગૃપ બેઠકોનું પણ આયોજન હાથ ધરવામાં આવનાર છે.

## અમીત શાહ ૨૨મીએ ગુજરાતના પ્રવાસે

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ૨૨ ઓક્ટો.ના રોજ ગુજરાતના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે. ૨૨ ઓક્ટો.એ શાહનો જન્મ દિવસ છે અને તેઓ તેની ઉજવણી પરિવારના સભ્યો સાથે કરવા માગે છે. શાહના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે તેઓ ૧૦ હજારથી વધુ સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભ આપશે. આ યોજનાઓમાં મા અમૃતમ યોજના, વિધવા પેન્શન યોજના, વૃદ્ધ પેન્શન યોજના સહિતની યોજનાઓનો સમાવેશ થાય છે. સહકારી ક્ષેત્રે પણ તેમણે પોતાની આગવી પ્રતિભા ઉપસાવી હોવાથી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકની ૨૦૦મી શાખાનું ઉદ્‌ઘાટન પણ તેમના હસ્તે રાખવાનું આયોજન થઈ રહ્યુ છે.

## હવે, ગ્રામસભામાં ડીડીઓએ પણ હાજરી આપવી પડશે

ગાંધીનગર, તા. ૯

હવે જિલ્લા વિકાસ અધિકારીએ જાતે ગ્રામસભામાં હાજરી આપવાની રહેશે તેવી સૂચના વિકાસ કમિશનર દ્વારા જારી કરવામાં આવી છે.

રાજ્યના વિકાસ કમિશનર દ્વારા ગ્રામસભા અંગે પ્રથમવાર અત્યંત કડક વલણ દાખવવામાં આવ્યુ છે. વિકાસ કમિશનરે અભિયાન દરમ્યાન અધિકારીઓ અને કર્મચારીઓને મુખ્ય મથક છોડવાની મંજૂરી આપવી નહિ તેવી પણ તાકીદ કરી છે.

વિકાસ કમિશનરે તેમની સૂચનાઓમાં સ્પષ્ટ જણાવ્યુ છે કે જિલ્લા વિકાસ અધિકારીએ ગ્રામસભામાં હાજરી આપતા પહેલા અથવા પછી ગામના સૌથી ઓછા વિકાસ પામેલ વિસ્તાર અથવા ફળિયાની મુલાકાત લેવી. તંત્રના લોકો સાથે વાર્તાલાપ કરવો તેમના પ્રશ્નો જાણવા અને તેના ઉકેલ માટેના પ્રયાસો કરવા.

વિકાસ કમિશનરે તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને પાઠવેલા પત્રમાં એવી પણ તાકીદ કરી છે કે ૧૪મા નાણાંપંચના કોમાં તે વિસ્તારનો સમાવેશ થાય અને સમતોલ વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા.

આ અગાઉ ડી.ડી.ઓ. કોન્ફરન્સમાં પણ પંચાયત વિભાગના અગ્ર સચિવે ગ્રામસભાને લઈ ગંભીર ટકોર કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે પંચાયત હસ્તકના ૨૯ ખાતાઓમાંથી દરેક ખાતાના કર્મચારી ગ્રામસભામાં હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. તેમણે અભિયાનની ઓનલાઈન એન્ટ્રી પર વિશેષ ભાર મુક્યો છે.

રાજ્યના પંચાયત વિભાગ અને વિકાસ કમિશનર દ્વારા ગ્રામસભા અભિયાનને અત્યંત ગંભીરતાથી લેવામાં આવ્યુ હોવાથી આખી બાબત સચિવાલયના સંકુલમાં ટોક ઓફ ધ ટાઉન બની ઉભરી છે. મળતી વિગતો પ્રમાણે અભિયાનને લઈ દરરોજ આ અંગે મોનીટરીંગ વિભાગ કક્ષાએ કરવામાં આવે છે અને જિલ્લાઓને તેની જાણ પણ રિપોર્ટીંગને લઈ કરવામાં આવી રહી છે.

## શહેરમાં જંગલ સફાઈ માટે ઝુંબેશ : સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ પણ થયુ નથી

ગાંધીનગર તા ૯

શહેરમાં વરસાદી દિવસોના અંતે સેકટરો તેમજ મુખ્યમાર્ગોની આસપાસ હરિયાળુ ઘાસ અને વનસ્પતિ ઉગી નિકળ્યુ છે. સેકટરોમાં મચ્છર અને જીવાતના વધતા ઉપદ્રવ વચ્ચે રોગચાળાનુ જોર હળવુ થયુ નથી બીજીતરફ નવરાત પર્વ બાદ હવે દિવાળી નજીક આવતા તંત્ર દ્વારા જંગલ સફાઈના ભાગરૂપે જેસીબી મશીનથી ઘાસ તેમજ વનસ્પિતની સફાઈ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

**વરસાદી દિવસો દરમિયાન ઉગી નિકળેલા ઘાસ અને વનસ્પતિના લીધે મચ્છર અને જીવાતનો ઉપદ્રવ ડામવા તંત્ર કામે લાગ્યુ : હજુ પણ વૃક્ષોના ટ્રીમીંગ માટે કામ હાથ ધરાયુ નથી**

શહેરમાં વરસાદી દિવસોના અંતે ઠેર ઠેર હરિયાળી પથરાયેલી છે. સેકટરોમાં પણ માર્ગો આસપાસ બિનજરૂરી ઘાસ અને વનસ્પતિ ઉગી નિકળતા રહેણાંક વિસ્તારમાં પણ જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. વરસાદી દિવસોના અંતે સેકટરોમાં મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો વધી ગયા છે. જીવાત અને મચ્છરોના લીધે સેકટરો રોગચાળાની ઝપડે ચઢયા છે. વરસાદે વિદાય લીધા બાદ હવે તંત્ર એકટીવ મોડમાં આવ્યુ છે. જો કે સેકટરોમાં હજુ ગંદકીના થર યથાવત છે. જયારે સેકટરોમાં કચરા ઢગનો નિકાલ થતો ન હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. વરસાદી દિવસોના અંતે શેરી સફાઈ માટે ખાસ ઝુંબેશ હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરમાં હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે ઉંચુ અને તોતિંગ ઘાસ ઉગી નિકળ્યુ છે. સેકટરોના આંતરિક માર્ગો આસપાસ તેમજ કોમન પ્લોટ સહીત જાડી વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ છે. સેકટરોમાં ઘર આંગણે જ હરિયાળા જાડી ઝાંખરાના લીધે મચ્છરો તેમજ જીવાતનો ઉપદ્રવ વધતા સ્થાનિકો પણ તોબા પોકારી ગયા છે. જો કે વરસાદી દિવસોના અંતે દિવાળી પુર્વે તંત્ર દ્વારા જંગલ સફાઈ માટે ઝુંબેશ હાથ ધરાઈ છે. સેકટરોમાં ઉગી નિકળેલા ઘાસની સફાઈ માટે જે સી બી વડે સફાઈ અભિયાન હાથ ધરાયુ છે. દર વર્ષે તંત્ર દ્વારા જંગલ સફાઈ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે .ત્યારે વરસાદી દિવસોના અંતે કેટલાક ઠેકાણે વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીએ પણ ભયજનક હાલતમાં છે. જયારે કેટલાક ઠેકાણે સુકા અને ભયજનક વૃક્ષો પણ ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત છે. વનતંત્ર દ્વારા આ ભયજનક વૃક્ષો દુર કરવા માટે છેલ્લા કેટલાક સમયથી કામગીરી હાથ ધરવામાં આવતી નથી. જેના લીધે નવરાતના પ્રારંભે પણ વરસાદી માહોલમાં સેંકડો ભયજનક વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. સેકટરોમાં ઘાસ તેમજ બિનજરૂરી વનસ્પતિની સફાઈ કરવામાં આવી રહી છે.

## જિલ્લામાંથી ૧૫૦૯૯ ઉમેદવારો મુખ્ય અધિકારી વર્ગ-૨ની પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૯

ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા આગામી તા ૧૩ ઓકટોબરના રોજ નગરપાલિકાના મુખ્ય અધિકારી વર્ગ -૨ ની ભરતીને અનુલક્ષી પરીક્ષાનુ આયોજન કરાયુ છે. આ માટે જિલ્લાના ૬૨ સેન્ટરો પર કુલ ૬૩૦ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લામાંથી અંદાજિત ૧૫૦૯૯ જેટલા ઉમેદવારો આ પરીક્ષા આપશે.

નવરાત પર્વના અંતે હવે શાળાઓમાં પણ પરીક્ષાની મોસમ શરૂ થશે દિવાળી પુર્વે શાળાઓમાં પ્રથમ કસોટીનુ આયોજન કરાયુ છે. જેના લીધે વિદ્યાર્થીઓ હાલ પરીક્ષાલક્ષી તૈયારીમાં લાગી ગયા છે. નવરાત પર્વના અંતે દિવાળી પુર્વે પરીક્ષાલક્ષી આયોજનની ગતિવિધિઓ તેજ બની છે. ત્યારે સરકારના વિવિધ વિભાગો દ્વારા પણ વિવિધ ભરતીને અનુલક્ષી સ્પર્ધાત્મક પરીક્ષા માટે પણ આયોજન કરાયુ છે. ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા પણ આગામી તા ૧૩ ઓકટોબરના રોજ પરીક્ષા લેવાશે. નગરપાલિકાના મુખ્ય અધિકારી વર્ગ -૨ સંવર્ગની જગ્યા માટ યોજાનારી પરીક્ષા માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા આનુસંગિક વ્યવસ્થા કરી દેવામાં આવી છે. પરીક્ષાને અનુલક્ષી જિલ્લાના ૬૨ સેન્ટરો પર કુલ ૬૩૦ બ્લોક પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જયારે પરીક્ષાની કાર્યવાહી પારદર્શક રીતે થાય તે માટે પણ પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ પરીક્ષામાં જિલ્લામાંથી ૧૫૦૯૯ ઉમેદાવારો હાજરી આપશે.

**આગામી તા ૧૩મીએ પરીક્ષા લેવાશે : જિલ્લાના ૬૨ સેન્ટરો પર ૬૩૦ બ્લોકમાં બેઠક વ્યવસ્થા**

## મનપાએ ત્રણ સંવર્ગની ભરતીનું પરિણામ જાહેર કર્યુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વિવિધ સંવર્ગના અધિકારીઓની ભરતી માટે આજથી શરૂ થયેલા મૌખિક ઈન્ટરવ્યુમાં ત્રણ સંવર્ગના ઈન્ટરવ્યુ પૂર્ણ થતાં તેનુ પરિણામ પણ આજે જાહેર કરી દેવામાં આવ્યુ છે.

ભરતી વિવાદને નવો વળાંક ના મળે તેની કાળજી આજે તંત્ર દ્વારા દાખવવામાં આવી છે અને મૌખિક ઈન્ટરવ્યુ પૂર્ણ થતાં જ ગણતરીના કલાકોમાં પરિણામ જાહેર કરી દેવાયુ છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ એકાદ બે દિવસમાં નિમણુંક પત્રો પણ આપી દેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે વેટનરી ડૉક્ટર્સ, ઝોનલ ઓફિસર, જુનિયર ટાઉનપ્લાનર સંવર્ગની નિમણુંકની પ્રક્રિયા આજે પરિણામ જાહેર થતાં જ શરૂ થઈ ચુકી છે.

તંત્ર દિવાળી પહેલાં આ અધિકારી સંવર્ગના અધિકારીઓ હાજર થઈ જાય તે રીતે કામગીરી સંપન્ન કરવાનુ વલણ ધરાવે છે જેથી દિપાવલીના પર્વો પછી તંત્રને વધુ વેગવાન બનાવી અને પ્રજાભિમુખ બનાવવાની વ્યુહરચના પણ તૈયાર કરી દીધી છે.

## અમદાવાદના કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ

**શહેરમાં તોફાની વરસાદના કારણે જનજીવન ઘમરોળાયુ**

અમદાવાદ,તા. ૯

અમદાવાદ શહેરમાં નોરતા અને દશેરા બાદ આજે મેઘરાજાએ ફરી એકવાર ધમાકેદાર એન્ટ્રી મારી તોફાની બેટીંગ કરી હતી. અમદાવાદમાં આજે વરસાદની તીવ્રતા અને જોર વધુ હતા. શહેરમાં આજે બપોરના સમયે અચાનક હવામાનમાં પલ્ટો આવ્યો હતો અને કાળા ડિબાંગ વાદળો સાથે જોરદાર વાવાઝોડુ ફુંકાવાનું શરૂ થઈ ગયુ હતું. તોફાની પવન અને ઝંઝાવાત વચ્ચે વીજળીના જોરદાર કડાકા અને ભડાકા સાથે પણ તોફાની વરસાદ ત્રાટકયો હતો. વાવાઝોડા અને વરસાદની તીવ્રતા અને જોર એટલા વધારે હતા કે, શહેરમાં અનેક સ્થળોએ વૃક્ષો, થાંભલા, હોર્ડિંગ્સ અને છાપરા પડવાની ઘટનાઓ સામે આવી હતી. તો, સાથે સાથે શહેરના કેટલાક વિસ્તારોમાં આજે પણ ભુવા પડવાની અને ખાડાઓ પડવાની ઘટનાઓ નોંધાઈ હતી. મેઘરાજાની ધમાકેદાર બેટીંગના કારણે આજે અમદાવાદ શહેરનું સામાન્ય જનજીવન જાણે કે, ઘમરોળાયુ હતું. જેના કારણે શહેરના મોટાભાગના તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને શહેરના નીચાણવાળા અને પૂર્વના વિસ્તારોમાં આજના ભારે વરસાદના કારણે વધુ પડતા પાણી ભરાઈ ગયા હતા. શહેરમાં આજે વધુ પડતો અને ભારે વરસાદ નોંધાતાં બપોર બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com